# અરવલ્લી જિલ્લો સ્વાઈન ફલુના સકંજામાં

## માલપુર તાલુકામાં વધુ એક મોત સાથે મૃત્યઆંક ૩નો થયો : મડાસણામાં શંકાસ્પદ સ્વાઈન ફલુનો કેસ

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના ફગોડીયાના આધેડનું સ્વાઈન ફલુથી મોત નિપજતા માલપુર તાલુકામાં સ્વાઈન ફલુથી એક સપ્તાહની અંદર ત્રણ દર્દીઓના મૃત્યુ થયા છે. ગત વર્ષે સ્વાઈનફલુના દર્દીઓની સંખ્યા વધુ હતી. પરંતુ મૃત્યુનુ પ્રમાણ નીચુ હતુ જ્યારે આ વર્ષે અરવલ્લી જિલ્લામાં ગતવર્ષની સરખામણીએ સ્વાઈન ફલુના દર્દીઓ ઓછા છે પરંતુ મૃત્યુનો રેશીયો સો ટકા ગણી શકાય તેવુ લાગી રહ્યુ છે. માલપુર તાલુકામાં સ્વાઈનફલુની બિમારીનો ભોગ બનેલા ૩ વ્યક્તિઓનું સારવાર બાદ અમદાવાદમાં મોત નિપજતા આરોગ્ય વિભાગ તંત્ર હરકતમાં આવી ગયુંછે. જિલ્લામાં સ્વાઈન ફલુએ સકંજો કસતા પ્રજાજનોમાં ફફડાટ જોવા મળે છે. જ્યારે મોડાસા તાલુકાના મડાસણા ગામના એક વ્યક્તિને શંકાસ્પદ સ્વાઈનફલુના લક્ષણો જણાતા તાબડતોડ અમદાવાદ સારવાર અર્થે ખસેડાયો હતો.

અરવલ્લી જિલ્લામાં શનિવારે માલપુર તાલુકાના સુરજપુરામાં પ્રથમ કેસ નોંધાયો હતો અને આધેડ સ્વાઈન ફલુથી મોત નિપજ્યું હતું. અને તખતપુરા ગામની મહિલાનું સ્વાઈન ફલુથી સારવાર દરમિયાન મોત નિપજ્યુ હતુ. આરોગ્ય વિભાગ સર્ચ ઓપરેશન કરી કાર્યવાહિ હાથ ધરે ત્યાં જ માલપુર તાલુકાના ફગોડિયા ગામના આધેડ રમણભાઈ ગણેશભાઈ પટેલ (ઉં.વ. ૬૦)ને તાવ, શરદી, ખાંસીની બિમારી થતા મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર હાથ ધરી હતી પરંતુ આધેડની તકલીફમાં વધારો થતા મોડાસાના તબીબે આધેડને સ્વાઈન ફલુ જણાતા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. સિવિલ બાદ દરદીના સગાઓ ખાનગી હોસ્પિટલમાં લઈ જઈ સારવાર કરાવવા છતા આધેડ સ્વાઈન ફલુથી મોત નીપજતા ગ્રામજનોમાં હાહાકાર મચી ગયો હતો. માલપુર તાલુકામાં સ્વાઈન ફલુથી ૩ દરદીઓના મોત નિપજતા માલપુર તાલુકા અને સમગ્ર અરવલ્લી જિલ્લામાં પ્રજાજનોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સ્વાઈન ફલુગ્રસ્ત વિસ્તારોમાં સર્વેની કામગીરી હાથ ધરી સ્વાઈનફલુની મહામારી બિમારીને કાબુમાં લેવા સઘન કાર્યવાહિ હાથ ધરાઈ હતી. મોડાસા તાલુકાના મડાસણા ગામના વ્યક્તિને શંકાસ્પદ સ્વાઈન ફલુ જણાતા અમદાવાદ સારવાર અર્થે ખસેડાયો હોવાનું જાણવા મળ્યું હતું.

## ભિલોડા તાલુકાના મુળીયા ટીંબા ગામનો નવયુવાન ગુમ થતા ચકચાર

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના મુળીયા ટીંબા ગામનો નવયુવાન ગુમ થતા ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસ સુત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ મુળીયાટીંબા ગામના રાજેશભાઈ નવીનચંદ્ર ખરાડી આ. ઉં.વ. ૨૨ તા. ૧૯-૨-૧૬ના રોજ પોતાની માતાને હું ભિલોડા જઈને આવુ છુ તેમ કહી ઘરેથી અગમ્ય કારણોસર નીકળી પરત ન ફરતા પરીવારજનો અને સગાસંબંધીઓએ ભારે શોધખોળ આદરી હતી.

## ધાનેરા પોલીસે દેશી તમંચા સાથે એક યુવકને ઝડપ્યો

ધાનેરા એ ગુજરાત અને રાજસ્થાન બોર્ડર પર આવેલું ગામ છે જેના કારણે રાજસ્થાનથી વિવિધ હથિયાર તેમજ દારૂની ઘુસણખોરી થતી હોવાથી ધાનેરા પોલીસે પણ આવા લોકો સામે લાલ આંખ કરી છે. ધાનેરા પી.આઈ. જે.એમ. ચુડાસમા અને પી.એસ.આઈ. એસ.એન. પટેલ પોતાના સ્ટાફ હરેશભાઈ, સંજયભાઈ, ભેમજીભાઈ તેમજ આબાદખાન ધાસુરા સાથે વાહન ચેકિંગમાં હતા તે સમયે ધાનેરા પી.આઈ.ને ખાનગી રાહે બાતમી મળેલી કે એક યુવક પસેન્જર જીપમાં દેશી તમંચો લઈ આવી રહ્યો છે. ત્યારે નેનાવા તરફથી આવી રહેલી પેસેન્જર ગાડી પોલીસે ચેક કરતા એક યુવક ગાડીમાંથી નાસી છૂટયો હતો પોલીસ તેનો પીછો કરી તેને ઝડપી પાડયો હતો અને આરોપીને પૂછતા તેણે પોતાનું નામ લક્ષ્મણસિંહ જણાવ્યું હતું. તેની તલાશી લેતા તેના પાસેથી દેશી બનાવટ વાળી રિવોલ્વર મળી આવી હતી જેની કિંમત આશરે ૩૫ હજારની ગણી મુદ્દામાલ જપ્ત કર્યો હતો.




## ટીંટોઈ વીજ પેટા કચેરીના નવિન મકાનનુ લોકાર્પણ

મોડાસા તાલુકાના ટીંટોઈ ગામે વીજપુરવઠો વિતરણ માટે સબ સ્ટેશન કાર્યરત થવા સાથે પેટા કચેરી ટીંટોઈને મળી હતી. વર્ષોથી પેટા કચેરી સ્વતંત્ર મકાનના આધારે ટીંટોઈ ગામમાં ચાલતી હતી. ટીંટોઈ નજીક મોડાસા-શામળાજી હાઈવે પર આવેલા લાલપુર નજીક ૯૫ લાખના ખર્ચે નવીન કચેરી બનાવી હતી. આ નવીન કચેરીનું ઉદ્‌ઘાટન યુજીવીસીએલના એમ.ડી. અનુપ આનંદના હસ્તે લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય ઈજનેરી બી.પી. બુચ, એસ.ઈ. એમ.ડી. રાઠોડ, એડીશનલ મુખ્ય ઈજનેર ત્રિવેદી, ટીંટોઈ કચેરીના ડે. ઈજનેર ડી.એલ. વહોજીયા તમામ કર્મચારીઓ તેમજ ટીંટોઈ વિસ્તારના આગેવાનો હાજર રહ્યા હતા.

## અરવલ્લી જિલ્લાના ધોરી માર્ગો પર વાહન ચાલકોને નિશાન બનાવતી લૂંટારૂ ગેંગ સક્રિય

અરવલ્લી જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે અને સ્ટેટ હાઈવે પરથી પસાર થતા ટ્રક ચાલકો અને વાહનચાલકોને નિશાન બનાવી માર મારી લૂંટ ચલાવી બિન્દાસ્ત ફરાર થઈ જતી રોડ ગેંગ સક્રિય થતા જિલ્લામાંથી પસાર થતા વાહનચાલકો અને ટ્રક ચાલકોમાં ફફડાટ ફેલાયો છે. રવિવારે રાત્રીના ૩ વાગ્યાના સુમારે મોડાસા તાલુકાના ગઢડાકંપા ગામની સીમમાંથી પસાર થતા નેશનલ હાઈવે પર ખીલા નાખી પંચર પડતા ઉભા રહેલા ટ્રક ચાલકને માર મારી ૪૨૦૦૦ રૂ.ની લૂંટ ચલાવી ચાર અજાણ્યા શખ્સો ફરાર થઈ જતા મોડાસા રૂરલ પોલિસે ટ્રક ચાલકની ફરિયાદના આધારે લૂંટારૂ ગેંગને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. અરવલ્લી જિલ્લાના પોલિસતંત્રની નબળી કામગીરીથી જિલ્લાના પ્રજાજનોમાં ભારે આક્રોશ ફેલાયો છે. જિલ્લા પોલીસતંત્ર દ્વારા ચોરો, તસ્કરો, ઘરફોડીયાને ઝડપી પાડવામાં સફળતા મળી નથી ત્યાં જ છેલ્લા કેટલાક દિવસથી અરવલ્લી જિલ્લામાંથી પસાર થતા ટ્રક ચાલકોને નિશાન બનાવતી અને લુંટ ચલાવતી



રોડ ગેંગ સક્રિય થતાં જિલ્લા પોલિસતંત્ર માટે માથાનો દુખાવો સાબિત થઈ રહી છે. શામળાજી-અમદાવાદ નેશનલ હાઈવે નં. ૮ પર આવેલ ગઢડાકંપાની સીમ નજીક હોટલ વે-વઈટ નજીક અજાણ્યા શખ્સોએ માર્ગ પર લોખંડના ખીલાઓ નાખી દેતા અહીંથી પસાર થતી ટ્રક (ગાડી નં. આર જે ૨૭ જી ૬૦૪૩)ને પંચર પડતા ટ્રક ચાલકે માંગીલાલ હિરાલાલ નગદાએ (ઉદેપુર) ટ્રક સાઈડમાં ઉભી રાખી ટાયર બદલવા જેક લગાવતા હતા તે દરમિયાન ચાર અજાણ્યા શખ્સોએ ટ્રક ચાલકને માથામાં બોથડ પદાર્થો મારી ગડદાપાટુનો માર મારી નજીકના ખેતરમાં ઢસડી લઈ હાથ-પગ બાંધી ટ્રક ચાલકના ખિસ્સામાંથી ૪૨૦૦૦ રૂ. રોકડાની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. માર મારતા બેબાકળા બનેલા ટ્રક ચાલકે જેમ તેમ કરી દોરી છોડી ખેતરમાંથી ટ્રક પાસે આવી પહોંચ્યો હતો અને આ ચોરીની ઘટના અંગે મોડાસા રૂરલ પોલિસને જાણ કરતા મોડાસા રૂરલ પોલીસે ચાર અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ગુન્હો નોંધી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## ઊંઝામાં માનસિક ત્રાસ આપી આત્મહત્યા માટે મજબૂર કર્યાની પત્નિની ફરિયાદ

ઊંઝા, તા. ૨૩

ઊંઝા ખાતે વિસનગર રોડ પર આવેલ એક સોસાયીટીમાં રહેતા એક વ્યક્તિના અપમૃત્યુ અંગે મૃતકની પત્નિએ એક મહિલા સહિત ચાર ઈસમો વિરૂદ્ધ માનસિક ત્રાસ આપીને મરવા માટે મજબૂર કરવા બાબતે ફરિયાદ નોંધાવતા શહેરમાં ચકચાર જાગી છે.

વિગત એવી છે કે, ઊંઝા શીવ શક્તિનગર સોસાયટીમાં રહેતા મંજુલાબેન સુરેશભાઈ જોઈતારામ પટેલ સ્થાનિક પોલીસ મથકે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું છે કે, આજથી દસેક વર્ષ પહેલા હું, મારા પતિ સંતાનો સાથે સિદ્ધિધામ સોસાયટીમાં રહેતા હતા ત્યારે સામેના મકાનમાં રહેવા એક પરિવારના માણસો અવારનવાર ઝઘડા કરતા હતા. જેથી મારા પતિએ માનસિક ત્રાસથી પોતાનુ મકાન છોડીને છેલ્લા બે વર્ષથી શિવ શક્તિનગર સોસાયટીમાં ભાડેથી રહેવા આવ્યા હતા. અહી પણ સામાવાળાઓનું ઉપરાણુ લઈને એક વ્યક્તિ તકરાર કરતો હતો. વધુમાં સામાવાળાઓએ ભેગા મળી અમોને સોસાયટીમાં પ્લોટ નહી લેવા બાબતે માનસિક ત્રાસ આપતા હોઈ મારા પતિ આ માનસિક ત્રાસથી કંટાળીને ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવી દીધેલ છે.

આમ ચાર તહોમતદારોએ ભેગા મળી મરણ જનાર સુરેશભાઈ જોઈતારામ પટેલ રહે. ઊંઝાવાળાને સોસાયટીમાં પ્લોટ નહી લેવા બાબતે માનસિક ત્રાસ આપી મરવા માટે મજબૂર કરવા સંદર્ભે સ્થાનિક પોલીસ મથકે ફરિયાદ નોંધાવેલ છે.

આ બાબતે મૃતકની પત્નિ મંજુલાબેનની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે ચાર આરોપીઓ નીતાબેન ઉર્ફે ટીનાબેન જગદીશભાઈ પટેલ, વિપુલભાઈ સોમાભાઈ પટેલ, મુકેશ નરોત્તમભાઈ પટેલ, ત્રણેય સિદ્ધિધામ સોસા. ઊંઝા અને પટેલ ગોવિંદભાઈ અમરતભાઈ રહે. શીવશક્તિનગર સોસા. ઊંઝા વિરૂદ્ધ ઈ.પી.કો. કલમ ૩૦૬, ૧૧૪ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

## ખેડબ્રહ્મામાં મોબાઈલ વેપારીઓને ત્યાં દરોડા

ખેડબ્રહ્મા, તા. ૨૪

ખેડબ્રહ્મા શહેરના તથા તાલુકામાં ગેર કાયદેસર રીતે મોબાઈલમાં ડાઉનલોડ કરી આપવાનો વ્યવસાય કરતા વેપારીઓને ત્યાં કોપીરાઈટનો ભંગ થતો હોવાની જાણકારીના આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી. શહેરમાં તપાસ દરમ્યાન ૮ વ્યક્તિઓ સાણસામાં આવી ગયા હતા. સમગ્ર મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. જ્યાં વેપારીઓએ રકઝક કરતાં નિયત ફી ભરી લાયસન્સ મેળવી લેતાં છૂટકારો થયો હતો.

ખેડબ્રહ્મા શહેરમાં રવિવારે મોબાઈલનો વ્યવસાય કરતા વેપારીઓને ત્યાં મ્યુઝીક વર્લ્ડ એન્ટરટેઈનમેન્ટના ઈન્વેસ્ટીગેશન ઓફીસર બાલમુકુંદ કુમાવત દ્વારા પોલીસના ચાર માણસો સાથે તપાસ હાથ ધરી હતી. જેમાં ૮ દુકાનોમાં ગેર કાયદેસર રીતે કોપી રાઈટનો ભંગ કરી ડાઉનલોડીંગનો વ્યવસાય કરતા હોવાનું જણાઈ આવતા વેપારીઓના ત્યાંથી સીડી, સીપીયુ, લેપટોપ



સામગ્રી કબજે લઈ વેપારીઓને ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને લઈ જવાયા હતા. જ્યાં રકઝક કરતા ૧૪૦૦૦માં લાયસન્સ લઈ લેતા મામલો થાળે પડ્યો હતો. આ જપ્ત સામગ્રીમાં કેટલાક લેપટોપમાં બિભત્સ વીડીયો ક્લીપ હોવા છતાં પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી ન કરવામાં આવતા શહેરમાં પોલીસની કાર્યવાહી માટે શંકા-કુશંકાઓ સેવાઈ રહી છે.

## ખેડબ્રહ્માના શ્યામનગરમાં પાટોત્સવ-વિશ્વકર્મા જયંતિ તથા સંદલ માતાના ઉત્સવની ઉજવણી

ખેડબ્રહ્મા, તા. ૨૪

શ્રી વડાલી સતાવીસ સુથાર સમાજ પ્રેરિત વિશ્વકર્મા દેવસ્થાન



સેવા સમિતિ દ્વારા મહાસુદ-૧૩ના દિને શ્યામનગર સ્થિત શ્રી વિશ્વકર્મા પ્રભુના મંદિરનો પ્રથમ પાટોત્સવ શ્રી વિશ્વકર્મા જયંતિ ભગવતી રાંદલના લોટા તેડવાનો ઉત્સવ અને ધજા આરોહણના ચતુર્વિધ કાર્યક્રમની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે અમદાવાદ, હિંમતનગર, ઈડર, વડાલી સહીત સમાજના લોકો મોટી સંખ્યામાં દર્શને ઉમટી પડ્યા હતા. શ્રી વિશ્વકર્મા પ્રભુના યજમાન તરીકે રેખાબેન પી. સુથાર, કાન્તાબેન એચ. સુથાર તથા ચામુંડા માતાજીના યજમાન તરીકે મમતાબેન બી. સુથાર, રોમાબેન બી. સુથાર અને શનિદેવના યજમાન તરીકે અશ્વિનભાઈ એમ. સુથારે ધર્મલાભ લીધો હતો. ભગવતી રાંદલના લોટા તેડવાના ઉત્સવના યજમાન તરીકે ગુલશનબેન પી. સુથાર તથા રમીલાબેન એલ. સુથારે લાભ લીધો હતો. મંદિરના પ્રથમ પાટોત્સવ નિમિત્તે ધજા આરોહણના કાર્યક્રમમાં વિશ્વકર્મા મંદિરની ધજા સુષમાબેન પી. સુથાર, ચામુંડા માતાજી મંદિરની ધજા નિરવકુમાર એલ. સુથાર અને શનિદેવ મંદિરની ધજા આરોહણનો સુરેખાબેન એન. સુથારે ધર્મલાભ લીધો હતો. આ પ્રસંગે ગરબાનુ આયોજન કરવામાં આવ્યું હતું.

ચતુર્વિધ ઉત્સવની ધાર્મિકવિધિ શાસ્ત્રી ભરતભાઈ જે. જોષીએ સંપન્ન કરાવી હતી. મોટી સંખ્યામાં લોકોએ મહાપ્રસાદી પણ લીધી હતી. આ પ્રસંગને સફળ બનાવવા સમાજના પ્રમુખ પરસોત્તમદાસ સુથાર, ઉપપ્રમુખ કાન્તીલાલ સુથાર, સંકરલાલ સુથાર, મણીભાઈ સુથાર, મહેન્દ્રભાઈ સુથાર, ધુલાભાઈ સુથાર, અરવીંદભાઈ ટી. સુથાર તથા જતીનભાઈ સુથારે જહેમત ઉઠાવી હતી.



## પાલનપુરના ગોળા ગામે રામચરણદાસની પૂણ્યતિથી ઉજવાઈ

પાલનપુર તાલુકાના ગોળા ગામે ગત રોજ અગિયારશના દિવસે રામચરણદાસજી મહારાજની પૂર્ણતિથી નિમિત્તે મહંત મુનીજી મહારાજ દ્વારા ભોજન સમારંભનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બજરંગઢના મહંતે અન્ય સંતોનું સન્માન કર્યું હતું. તેમજ ભજનકિર્તન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ગોળાના બજરંગ ગઢના મુનીજી મહારાજે છેલ્લા ઘણા વર્ષોથી મૌનવ્રત ધારણ કરેલું છે.

## સંક્ષિપ્ત સમાચાર

### થેરાસણા પાસેથી કારમાં લઈ જવાતો ૧.૮૬ લાખનો દારૂ અને બિયર પકડાયો

વડાલી તાલુકાના થેરાસણા ત્રણ રસ્તા પાસેથી રવિવારે કારમાં દારૂ ભરી જતા બે શખ્સોને એલસીબીએ ઝડપી લઈ બે જણા વિરૂદ્ધ વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી. એલસીબીએ બાતમીને આધારે થેરાસણા ત્રણ રસ્તા પાસેથી પસાર થતી કાર નં. જીજે.૨.એસી.૯૦૧૨ શંકાસ્પદ જણાતા તેને ઉભી રખાવી તપાસ હાથ ધરી હતી. દરમિયાન આ કારમાંથી દારૂ અને બિયરની રૂ. ૧.૮૬ લાખની ૪૫ પેટી મળી આવી હતી. ત્યારબાદ પુછપરછ કરતા કારમાં જઈ રહેલ સિદ્ધપુર તાલુકાના દેથડી ગામના પ્રવિણજી રાઉજી ઠાકોર તથા ઊંઝાના પવનભાઈ મારવાડીને ઝડપી લીધા હતા. ત્યારબાદ એલસીબીએ રૂ. ૬.૮૭ લાખનો મુદ્દામાલ કબજે લઈ બંને વિરૂદ્ધ વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### પોલીટેકનીક ચાર રસ્તા પાસે અજાણ્યા વાહને ટક્કર મારતા એકનું મોત

હિંમતનગર-શામળાજી હાઈવે પર આવેલ પોલીટેકનીક ચાર રસ્તા પાસેથી ગત શનિવારે પસાર થઈ રહેલ અજાણ્યા વાહનના ચાલકે એક ૩૫ વર્ષની ઉંમરના અજાણ્યા પુરૂષને ટક્કર મારતા ગંભીર ઈજાને કારણે તેનું ઘટનાસ્થળે મોત નિપજ્યુ હતુ. જે અંગે હિંમતનગરના કાંતીભાઈ સવાજી ભાટે રવિવારે અજાણ્યા વાહન ચાલક વિરૂદ્ધ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### વિજયનગર અને અનવરપુરાની સીમમાંથી વાહન ચોરાયા

પ્રાંતિજ તાલુકાના અનવરપુરા ગામના ગીરીશકુમાર રણછોડભાઈ પટેલના બોર-કૂવા ઉપરથી ગત તા. ૧૯ ફેબ્રુઆરીના રોજ પાર્ક કરેલ બાઈક નં. જીજે.૯.સી૪૫૫૮ની અજાણ્યા શખ્સો ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા ગીરીશકુમાર પટેલે રવિવારે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તેજ પ્રમાણે વિજયનગરની બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં પાર્ક કરેલ પીકઅપ ડાલા નં. જીજે.૧૨.એજે.૪૭૭૨ની પણ અજાણ્યા શખ્સો શનિવારે રાત્રે ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગે અજીતભાઈ ગુલાબભાઈ મનસુરીએ રવિવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### હિંમતનગરમાં મકાનમાંથી ૫૮ હજારની મત્તા ચોરાતા ફરિયાદ

હિંમતનગરની આર્યુવેદ હોસ્પિટલની પાછળ આવેલ વિસ્તારના એક મકાનમાંથી શનિવારે રાત્રે અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરી રૂ. ૩૦ હજાર રોકડ તથા અન્ય ચીજવસ્તુઓ મળી રૂ. ૫૮ હજારની મત્તા ચોરીને લઈ જતા મકાન માલિકે રવિવારે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાં આવેલ આર્યુવેદ હોસ્પિટલ પાછળ રહેતા જાકીરભાઈ અબ્દુલકાદરભાઈ મેમણના ઘરમાંથી અજાણ્યા શખ્સોએ ગત શનિવારે રાત્રે પ્રવેશ કરી તિજોરીમાં મુકેલ રૂ. ૩૦ હજાર રોકડ તથા સફવાનના રૂ. ૮ હજાર તથા સફીખાનના રૂ. ૨૦ હજાર મળી કુલ રૂ. ૫૮ હજારની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે જાકીરભાઈ મેમણે રવિવારે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### ઈડરની પરમહંસ સોસાયટીના મકાનમાંથી ૧.૪૨ લાખની મત્તા ચોરાઈ

ઈડરની પરમહંસ સોસાયટીમાં આવેલ એક મકાનમાંથી શનિવારે રાત્રે પ્રવેશ કરી તિજોરીમાં મુકેલ સોના-ચાંદીના દાગીના તથા રૂ. ૧ લાખ રોકડ મળી કુલ રૂ. ૧.૪૨ લાખની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે મકાનમાલિકે રવિવારે અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

પરમહંસ સોસાયટીમાં રહેતા જગજીવનભાઈ રામજીભાઈ સડાતના મકાનમાં શનિવારે રાત્રે અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરી તિજોરીમાં મુકેલ સોનાનો દોરો, કાનની બુટ્ટી, ચાંદીના છડા તથા રૂ. ૧ લાખ રોકડ મળી કુલ રૂ. ૧.૪૨ લાખની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે જગજીવનભાઈ સડાતે રવિવારે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### મદની પ્રાથમિક શાળામાં ફૂડ ફેસ્ટીવલ

મોડાસાની મદની પ્રાથમિક શાળામાં ફૂડ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું. મદની પ્રાથમિક શાળાની શિક્ષણ સમિતિના ચેરમેન ગુલામમોહ્યુદ્દીનજી ખાનજીના અધ્યક્ષસ્થાને આ કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં મોટી સંખ્યામાં શાળાના વિદ્યાર્થીઓ અને વાલીઓએ હાજરી આપી હતી. વિદ્યાર્થીઓનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો. શિક્ષક મિત્રોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ખૂબ સારી કામગીરી નિભાવી હતી. સંસ્થાના પ્રમુખ શબ્બીરહુસેન ખાનજી, ઓન. સેક્રેટરી મ. સલીમ ખોખર, ઉપ પ્રમુખ સલીમભાઈ પટેલ, જો. સેક્રેટરી યુનુસભાઈ બલોચ, શિક્ષણ સમિતિના ચેમરેન સઈદ યુનુસભાઈ બલોચ, શિક્ષણ સમિતિના ચેરમેન સઈદ અહેમદ ભૂરા, વાલી મંડળના પ્રમુખ સિકંદરભાઈ સુથાર (રાજાબાબુ) તથા મદની હાઈસ્કૂલના આચાર્ય સુલતાન આઈ. મલિક તથા કારાબોરી સભ્યો હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન મદની પ્રાથમિક શાળાના આચાર્ય માસમખાન એ. પઠાણે કર્યું હતું. અને શાળાના શિક્ષક મ. હનીફદાદુ આ આયોજનને સફળતાપૂર્વક પાર પાડ્યું હતું.

### મેઘરજ-માલપુર તાલુકા ગામે ગામ ફર્સ્ટ એઈડ કીટનું વિતરણ

અરવલ્લી જિલ્લાના તમામ ગામોમાં આ દિશા માઈક્રોફિન પ્રા. લીમીટેડ કાર્ય કરી રહી છે. આ કંપની ગામે ગામ મહિલાઓના ગ્રૃપ બનાવી ઓછા વ્યાજ દરે લોન સ્વરૂપે નાણા આપી આર્થિક મદદ પુરૂ પાડવાનું ઉમદા કાર્ય કરી રહી છે. જે આનંદની બાબત ગણાય. તેની સાથે સાથે આ કંપની સામાજિક કાર્ય પણ કરે છે. આ સામાજિક કાર્ય અન્વયે મેઘરજ અને માલપુર તાલુકાના દરેકે ગામોમાં કોઈ વ્યક્તિ બીમાર પડે તો તે વ્યક્તિને ઝડપથી પ્રાથમિક સારવાર મળી રહે તે માટે આ કંપની દ્વારા ગામે ગામ સેન્ટર લીડરોને ફર્સ્ટ એઈડ કીટ મેઘરજ માલપુર તાલુકાના રિઝનલ મેનેજર ગીરીશભાઈ પરમારના વરદહસ્તે આપવામાં આવી હતી. આ કીટ વિતરણમાં બ્રાન્ચ મેનેજર મુકેશ ચૌહાણ, આ. બ્રાન્ચ મેનેજર અશોક પ્રજાપતિ, એમ.આઈ.એસ. વિમલ વાળંદ અને બ્રાન્ચના તમામ સ્ટાફની વિશેષ ઉપસ્થિતિમાં આ ફર્સ્ટ એઈડ કીટનું વિતરણ કરી ઉમદા કાર્ય કરવામાં આવ્યું હતું.